**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૮/૨૦૨૧**
**આંક –૬૭**

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૮/૨૦૨૧ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૦ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | વિધીનકુમાર કિશોરચંદ્ર પંડયા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નં બર | 9978408189 |
| ઉંમર આશરે | ૫૫ | વરસની | ધંધો | ડી.વાય.એસ.પી.જામનગર |
| રહેવાનુ | જામનગર તા. જામનગર | | ડીસ્ટ્રીકટ | જામનગર |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી.. |

(૧) હું ૨૦૨૦ની સાલમાં ના.પો.અધિક્ષક એસી.એસ.ટી.સેલ પાલનપુર ખાતે ફરજ બજાવતો હતો. તે દરમિયાન શિહોરી પો.સ્ટે.ના ગુના રજી નં.૯૮૭/૨૦૨૦, ઈ.પી.કો.કલમ–૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર) (એસ),૩(૨)(૫–એ) મુજબનો ગુનો તા.૦૯/૧૨/૨૦ના રોજ દાખલ થતા અમોએ ગુનાની તપાસ સંભાળી લીધેલ. ગુના કામે સાધનીક કાગળો ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ, ફરીયાદીની અસલ ફરીયાદ, એફ.આઈ.આર. કોપી વિગેરે વંચાણે લઈ. ફરીયાદીનું વિશેષ નિવેદન લેવામાં આવેલું. સદર ફરીયાદ વંચાણે લેતા તહોમતદારોએ ફરીયાદીના ખેતરમાં બોર કરવાની રીંગ લઈ આવી. ખેતરમાં ખાડા કરતા હોય જે દરમ્યાન સાહેદ શાંતાબેન કહેવા જતા

સાહેદની સહી............................

આરોપીઓએ સાહેદને ગડદાપાટુનો માર મારી અને ગાળો બોલી ફરીયાદી તથા સાહેદોને જાહેરમાં જાતી અપમાનીત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તથા એકબીજાની મદદગારી કરેલા અંગેની હતી. ત્યારબાદ બે તટસ્થ પંચોની હાજરીમાં ફરીયાદીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલું. પંચનામા દરમિયાન ફરીયાદી ગુનાવાળી જગ્યા જે રામજીભાઈ નાગરભાઈ શ્રીમાળી બતાવેલી જગ્યા જોતા બુકોલી તા.કાંકરેજમાં આવેલ હતી, જે જમીનમાં આશરે ચાર પાંચદ ફુટના ઉંચાઈ જેટલા એરડા ઉભેલ હતા. સદર જગ્યામાં ઈલેકટ્રીક લાઈટનો થાંભલો આવેલ હતો. સદર જગ્યાની ચતુર્થ સીમા જોતા પૂર્વે આરોપીઓના કબજાનું ખેતર તથા રહેણાંકનું છાપરુ આવેલ હતુ તથા બોરની રીંગ ઉભેલ હતી અને પશ્ચિમે ફરીયાદીનું એરંડા ઉભેલ ખેતર તથા રહેણાંકનુ મકાન આવેલ હતુ અને ઉતરે કાચો રસ્તો છોડી રણછોડભાઈ ધુડાભાઈ પરમારનુ કપાસ ઉભેલ ખેતર આવેલ હતું અને દક્ષિણે ફરીયાદીનું વાવેતર કર્યા વગરનુ ખેતર આવેલ હતું. સદર પંચનામુ કરેલું. ત્યારબાદ ગુના કામે ગુનાના જાણકાર સાહેદ હરેશભાઈ કિશનભાઈ શ્રીમાળી, ટીનીબેન રામજીભાઈ શ્રીમાળી, શાંતાબેન કિશનભાઈ શ્રીમાળી, લક્ષ્મીબેન ડો/ઓ કિશનભાઈ શ્રીમાળીના નિવેદનો લખાવ્યા મુજબના લખી લીધેલા. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારી કાંકરેજનાઓનું રામજીભાઈ નાગરદાસ શ્રીમાળી નું જાતી અંગેનું પ્રમાણપત્ર તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ મેડીકલ ઓફિસરશ્રી સીવીલ હોસ્પિટલ શિહોરીનાઓને ઈજાપામનારનું સર્ટી લેવા યાદી કરેલ. ત્યારબાદ ઈજાપામનારનું સારવાર સર્ટી આવતા કામમાં સામેલ રાખેલ.

મને આંક:૩પવાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જે તપાસના કામે મળેલ છે, તે તેજ છે.

સાહેદની સહી..............................

મને આંક:૩૬વાળું જાતી અંગેનું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જે મે તપાસના કામે સામેલ રાખેલ છે, તે તેજ છે.

મને આંક:૪૦વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું.

મને આંક:૫૧વાળું એમ.એલ.સી.નં.૩૬૪/૨૦૨૦વાળું સારવારનું સર્ટીફીકેટ બતાવવામાં આવે છે, જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ છે, તે તેજ છે.

મને આંક:૫૨વાળું સારવારનું સર્ટીફીકેટ મેળવવા માટે મેડીકલ ઓફિસરશ્રી શિહોરીને કરેલી યાદી બતાવવામાં આવે છે, જે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું.

મને આંક:૬૦વાળું સુચીપત્ર બતાવવામાં આવે છે, જે તપાસના કામે ફરીયાદની સાથે મળેલ છે તે તેજ છે,જે હું ઓળખી બતાવુ છું.

આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ કરેલ.

આરોપીઓને હું ઓળખુ છું, જે આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે કોઈ ઓળખ અંગે તકરાર નથી.

<u>સરતપાર પુરી...</u>

<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. એમ.એલ.દેસાઈ..</u>

(૨) એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાવાળી ખેતર હતુ તે આરોપીના પિતા ફરીયાદીના દાદા પાસેથી વેચાણ લીધેલુ હતું અને આ ખેતર સને ૧૯૭૯માં રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલાનું મારી તપાસ ખુલેલ. ફરીયાદીના દાદા પાસે ૧૮ એકર ૧૬ ગુઠા જમીન હતી તેમાં થી ૯ એકર અને ૮ ગુઠા જમીન આરોપીના પિતાએ વેચાણ રાખેલાનું મારી તપાસમાં ખુલેલુ અને આ જમીન વેચાણ રાખેલ ત્યારે નવી શરત ભંગ થયેલ તે

મારી તપાસમાં ખુલેલું અને આ જમીના રેવન્યુ રાહે અને નામ.હાઈકોર્ટમાં કેસો ચાલેલાનું મારી તપાસમાં ખુલેલું. એ વાત ખરી છે કે ફરીયાદ કરી તે પહેલા ફરીયાદીએ કલેકટર બનાસકાંઠા સમક્ષ લેન્ડગ્રેબીંગની ફરીયાદ દાખલ કરેલી તેવુ મારી તપાસ ખુલેલું અને નામ.હાઈકોર્ટમાં કેસ પેન્ડીંગ હોય ફરીયાદીએ કરેલ લેન્ડગ્રેબીંગની અરજી ફાઈલે કરેલી તેવુ મારી તપાસ ખુલેલું. આ ખેતરમાં જુનો બોર ચાલુ હતો પરંતુ તેમા પાણી ઓછુ હોય જેથી નવીન બોર બનાવવા માટે રીંગ લાવેલી અને તેમાં ઉતર ગુજરાત વીજ કંપનીનું ખેતીવાડી વીજ કનેકશન આવેલુ હતું.

(૩) એ વાત ખરી છે કે મે ચાર્જશીટના કામે ફેરલીસ્ટ રજુ કરેલ તેમાં ફરીયાદી અને તેમના કુટુંબ સીવાયના બીજા કોઈના નિવેદનો નથી. એ વાત ખરી છે કે આજુબાજુમા ઘણા ખેતરો આવેલા છે અને આજુબાજુમાં ઘણા બધા માણસો રહે છે. એ વાત ખરી છે કે ફરીયાદીના ભત્રીજા હરેશભાઈ કિશનભાઈ શ્રીમાળી ગ્રામ રક્ષક તરીકે શિહોરી પો.સ્ટે.માં નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે આ વિવાદીત જગ્યા જાહેર જગ્યા ન હતી. એ વાત ખરી છે કે આરોપીઓનું જાતિ અંગેનુ પ્રમાણપત્ર સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી કઈ જાતીના છે તે પણ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે ઘણા સમયથી જમીન બાબતની તકરાર ચાલતી હતી. એ વાત ખરી નથી કે આરોપીઓ સામે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે પંચનામુ અમે પોલીસ સ્ટેશનમાં બેસીને મરજી મુજબ લખી લીધેલ. એ વાત ખરી નથી કે સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો લખેલ નથી.

**<u>વિશેષ ઉલટતપાસ નથી..</u>**

**<u>ફેર ઉલટતપાસ નથી..</u>**

સાહેદની સહી............................

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

……………………………………

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૯/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |

સાહેદની સહી………………………